(-13

# જામનગર મહાનગરપાલિકા
## જામનગર

### :: જાહેર નોટીસ ::

તા.૦૬ /૦૫/૨૦૧૯.

હું સતીશ એ. પટેલ (IAS) મ્યુનિસીપલ કમિશ્નર, જામનગર મ્યુનિસીપલ કોર્પોરેશન, જામનગરને ધી. જી.પી.એમસી. એકટ–૧૯૪૯ હેઠળ પ્રાપ્ત થયેલ સતા અન્વયે આથી સબંધકર્તા સર્વેને આ જાહેર નોટીસથી જણાવું છું કે,

જામનગર મ્યુનિસીપલ કોર્પોરેશન વિસ્તારમાં શહેરના નાગરિકોના આરોગ્યની સુખાકારી તથા તંદુરસ્ત વાતાવરણ મળી રહે, તેમજ પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ–૨૦૧૬ અન્વયે પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ બાયલોઝ–૨૦૧૯ અંતર્ગત તથા પ્લાસ્ટિક કચરાનું નિયંત્રણ કરવા સરકારશ્રીના સંપૂર્ણ સ્વચ્છ ભારતના અભિયાનને સાર્થક બનાવવાના હેતુસર જામનગર શહેરમાં જાહેર રસ્તા, રહેણાંક વિસ્તારો, વાણિજય એકમો તથા ખાણીપીણી/ ચા/ કોફી/ કોલ્ડ્રીકસ વિગેરેની લારીઓ/દુકાનો તથા અન્ય એકમો વિગેરે ધ્વારા ઉપયોગમાં લેવામાં આવતા નિયત સ્ટાન્ડર્ડ મુજબના ન હોય તેવા હલકી ગુણવતાના પાતળા પ્લાસ્ટિક કપ તથા પાતળી પ્લાસ્ટિક થેલીઓ, પાન/મસાલાના પેકીંગ માટે વપરાશમાં લેવામાં આવતા પાતળા પ્લાસ્ટિકના રેપર્સ જોખમકારક હોઈ, તેમજ આ હલકી ગુણવતાના પાતળા પ્લાસ્ટિક કપ, પ્લાસ્ટિકના તમામ પ્રકારના પાઉચ (પાણીના પાઉચ સહિત), પ્લાસ્ટિકની થેલીઓ, પાન/ મસાલાના પ્લાસ્ટિકના પેકીંગ વેસ્ટેજનો યોગ્ય નિકાલ ન થવાથી વરસાદી ગટરોની કેચપીટોમાં એકત્રીત થવાને લીધે પાણીનું યોગ્ય વહન ન થવાને લીધે પાણીનો ભરાવો થાય છે. તેમજ વરસાદી ગટરો તેમજ ડ્રેનેજની સુઅર લાઈન પણ ચોકઅપ થાય છે. **જેથી પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ–૨૦૧૬ માં જણાવેલી જોગવાઈ વિરૂધ્ધની પાતળા પ્લાસ્ટિક કપ, પ્લાસ્ટિકના તમામ પ્રકારના પાઉચ (પાણી પાઉચ સહિત), પ્લાસ્ટિક થેલીઓ, પાન/મસાલાના પ્લાસ્ટિકના પેકીંગ ઉત્પાદન, સંગ્રહ, વાપરવા તથા વેંચાણ પર પ્રતિબંધ ફરમાવું છું.**

પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ–૨૦૧૬ અન્વયે પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ બાયલોઝ–૨૦૧૯ અંતર્ગત તમામ મેન્યુફેચરર્સ, ડીસ્ટ્રીબ્યુટર્સ / સ્ટોકીસ્ટસ, હોલસેલર્સ / ઈન્સ્ટીટયુશનલ વેસ્ટ જનરેટર્સ, પ્રોડયુસર્સ, ઓર્ગેનાઈઝડ રીટેઈલર્સ / અનઓર્ગેનાઈઝડ રીટેઈલર્સ / દુકાનદાર, સ્ટ્રીટ વેન્ડર્સ / હોકર્સ, રીસાયકલર્સ (કબાડી) તથા અન્ય પ્લાસ્ટિક વેંચાણ તેમજ ઉપયોગ સાથે સંકળાયેલ તમામે જામનગર મહાનગરપાલિકામાં જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી ૯૦ દિવસમાં રજીસ્ટ્રેશન કરાવવાનું ફરજીયાત રહેશે. તેમજ વાર્ષિક રજીસ્ટ્રેશન ફી ભરપાઈ કરવાનું રહેશે. રજીસ્ટ્રેશન ન કરાયેલ વાણિજય એકમો પાસેથી પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ બાયલોઝ–૨૦૧૯ અંતર્ગત રજીસ્ટ્રેશન ફી ઉપરાંત ધોરણસરના પેનલ્ટી ચાર્જીસ ન્યુન્તમ રૂ.૧૦૦૦/– થી મહમત રૂ.૨,૦૦,૦૦૦/– સુધીની રકમ પણ વસુલાત લેવામાં આવશે.

આ જાહેર નોટીસનું ઉલ્લંઘન કરનાર સામે ધી. જી.પી.એમ.સી. એકટ–૧૯૪૯ ની કલમ ૩૭૬/A હેઠળ તેમજ બાયલોઝની જોગવાઈ હેઠળ પગલા લેવામાં આવશે અને જરૂરી જણાયે C.R.P.C ની કલમ–૧૩૩ હેઠળ જાહેર ન્યુસન્સ ઉભુ કરવા માટે જરૂરી ફોજદારી કાર્યવાહી માટે જામનગર મ્યુનિસીપલ કોર્પોરેશન ધ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

કમિશ્નર
જામનગર મહાનગરપાલિકા

નં.જેએમસી/સો.વે./૩૮/પી.ડબલ્યુ.એમ./ ૧૬૪ /૨૦૧૯–૨૦.
તા.૦૬ /૦૫/૨૦૧૯.



Scanned by CamScanner